# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે , કેન્દ્ર સરકારે તેના શાસન અભિગમ અને કાર્ય સંસ્કૃતિમાં "સશક્તિકરણ માટે શક્તિ" ના સિદ્ધાંતને અપનાવ્યો.
2. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે , BIMSTEC પ્રાદેશિક એકીકરણ , આર્થિક સહયોગ અને સામૂહિક સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે ઉભર્યું છે.
3. કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ આજથી બે દિવસના ભારત પ્રવાસે આવશે.
4. ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં દરેક લાયક નાગરિકનો મતદાર યાદીમાં સમાવેશ થાય તે માટે પ્રયાસો વધુ ઝડપી કર્યા.
5. જંતર-મંતરમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા સીજેપી નેતા સૌરવ દાસ અને આશુતોષ રાંકાની દિલ્હી પોલીસે અટકાયત કરી.
6. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે વર્તમાન અને આગામી નાણાકીય વર્ષ માટે ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ વધારીને સાત ટકા કર્યો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM - ECONOMY FORUM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે કેન્દ્ર સરકારે તેના શાસન અભિગમ અને કાર્ય સંસ્કૃતિમાં "સશક્તિકરણ માટે શક્તિ" ના સિદ્ધાંતને અપનાવ્યો છે. નવી દિલ્હીમાં બ્લૂમબર્ગ ન્યૂ ઇકોનોમી ફોરમને સંબોધતા , શ્રી મોદીએ જણાવ્યું કે , ભારતની પ્રગતિ સામૂહિક વિકાસ અને વહેંચાયેલ તકો પર આધારિત છે.

તેમણે ભાર મૂક્યો કે શક્તિ ફક્ત પ્રગતિ કરવાની ક્ષમતા નથી, પરંતુ અન્યને સશક્ત બનાવવાની ક્ષમતા પણ છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે ડિજિટલ શક્તિએ ભારત માટે વધુ તકોના દરવાજા ખોલ્યા છે.

## BYTE: PM MODI

તેમણે જણાવ્યું કે 21મી સદીમાં ટેકનોલોજી , ડેટા, જ્ઞાન અને નવીનતા શક્તિના મહત્વપૂર્ણ સ્ત્રોત બની ગયા છે અને સરકારનો સતત પ્રયાસ એ સુનિશ્ચિત કરવાનો છે કે ભારતની ક્ષમતાઓ અન્ય દેશો માટે પણ તકોના નવા દરવાજા ખોલે.

## BYTE: PM MODI

# DAY BIMSTEC HOME MINISTER

નવી દિલ્હીમાં બહુપક્ષિય તકનિકી અને આર્થિક સહકાર માટે બંગાળની ખાડીની પહેલ, BIMSTEC ગૃહ મંત્રીઓની બેઠક યોજાઇ છે. આ ઐતિહાસિક બેઠક આતંકવાદ, આંતરરાષ્ટ્રિય સંગઠિત અપરાધ, નાર્કોટિક્સ, કટ્ટરપંથી, માનવ તસ્કરી, ગેરકાયદેસર નાણાકીય પ્રવાહ અને સાયબર પડકારોને પહોંચી વળવા સામૂહિક પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

આ પ્રસંગે બોલતા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે BIMSTEC પ્રાદેશિક એકીકરણ, આર્થિક સહયોગ અને સામૂહિક સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે કહ્યું કે ભારત હંમેશા વસુધૈવ કુટુમ્બકમના સિદ્ધાંત દ્વારા સંચાલિત શાંતિ અને માનવ કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. શ્રી શાહે પુનરોચ્ચાર કર્યો કે ભારત તમામ દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરે છે અને વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલમાં વિશ્વાસ રાખે છે.

(બાઈટ - અમિત શાહ)

# LOCAL BODIES ELECTION RESULT

ગુજરાતમાં ગાંધીનગર મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની કેટલીક બેઠક પર યોજાયેલી સામાન્ય ચૂંટણી અને પેટાચૂંટણી માટે આજે મતગણતરી ચાલી રહી છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા હાલમાં મળતા અહેવાલ મુજબ, ગાંધીનગર મહાનગરપાલિકાના 44 વૉર્ડમાંથી 38 વૉર્ડ પર ભાજપ, પાંચ વૉર્ડ પર કૉંગ્રેસ અને એક વૉર્ડ પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે.

જ્યારે બનાસકાંઠાની થરા નગરપાલિકામાં કુલ 24 બેઠકમાંથી ભાજપનો 19 અને કૉંગ્રેસનો પાંચ બેઠક પર વિજય થયો છે. તો , દેવભૂમિદ્વારકાના ઓખા નગરપાલિકાની કુલ 36 બેઠકમાંથી 29 ભાજપ અને ત્રણ કૉંગ્રેસના ફાળે ગઈ છે. જ્યારે ચાર બેઠક બિનહરીફ થયાના અહેવાલ છે. તો , અરવલ્લીની બાયડ નગરપાલિકાની ચાર બેઠકમાંથી એક બેઠક, છોટાઉદેપુર નગરપાલિકાની ચારમાંથી એક, અને મહેસાણાની ચારમાંથી એક બેઠક ભાજપના ફાળે આવી છે.

# CANADA FM - INDIA

કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ આજથી બે દિવસના ભારત પ્રવાસે આવશે. તેઓ આવતીકાલે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રી જયંત ચૌધરી સાથે મુલાકાત કરશે.

દરમિયાન, ભારતમાં કેનેડાના રાજદૂત ક્રિસ્ટોફર કુટરે જણાવ્યું કે કેનેડા પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર , વધુ રોકાણ અને બંને દેશો વચ્ચે લોકોની અવરજવરમાં વધારો કરીને ભારત સાથે દ્વિપક્ષીય વેપારને મજબૂત બનાવવા માંગે છે.

# ELECTION COMMISSION – ZHUMBESH

ચૂંટણી પંચે દરેક લાયક નાગરિકનો મતદાર યાદીમાં સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો વધુ તીવ્ર બનાવ્યા છે. આ માટે , તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીએ માહિતી આપી કે 18 ઓક્ટોબરે તમામ મતદાન મથકો પર ખાસ શિબિરોનું આયોજન કરાશે. વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ખાસ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ઉત્તર-પ્રદેશમાં, 1 લાખ 77 હજારથી વધુ બૂથ પર ખાસ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સિક્કિમમાં , કોઈ પણ લાયક મતદાર બાકી ન રહે તે સુનિશ્ચિત કરવા માટે 623 મતદાન મથકો પર ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DELHI POLICE - CJP

દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીમાં જંતર-મંતરમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા સીજેપી નેતા સૌરવ દાસ અને આશુતોષ રાંકાની અટકાયત કરી છે. દિલ્હી પોલીસે ગઈકાલે જંતર-મંતરને નિયુક્ત વિરોધ સ્થળ તરીકે રદ કર્યું હતું.

પૂર્વ દિલ્હીમાં રામલીલા ગ્રાઉન્ડ , બુરારી ગ્રાઉન્ડ અને સીબીડી ગ્રાઉન્ડ એમ ત્રણ નવા વિરોધ અને પ્રદર્શન સ્થળો છે.

# SEVA SANKALP PM-25-YEARS-NALANDA-UNIVERSITY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે અંગેની અમારી વિશેષ શ્રેણીમાં આજે અમે નાલંદા યુનિવર્સિટી વિશે માહિતી આપી રહ્યા છીએ.

## VOICE OVER: HARSHAL PANDYA

*(રાજગીર પહાડીની વચ્ચે નાલંદાની ગાથા ઇતિહાસથી આજદીન સુધીની છે. 17 દેશોના મિશન વડાઓની ઉપસ્થિતામા વર્ષ 2024 માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાલંદા યુનિવર્સિટીના આધુનિક પરીસરનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે, પ્રધાનમંત્રીએ આ વારસાને યાદ કર્યો હતો.*

*BYTE: PM MODI*

*નાલંદાની આ નવી યાત્રાને આજે 20 થી વધુ દેશોના વિદ્યાર્થીઓ કે જેઓ અહીં અભ્યાસ કરી રહ્યા છે તે આગળ વધારી રહ્યા છે. નાલંદા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર સચિન ચતુર્વેદી કહે છે કે, અમે વિકાસ અને વારસાની વિચારધારાને આગળ ધપાવી રહ્યાં છે.*

*BYTE: SACHIN CHATURVEDI VICE CHANCELLOR PROFESSOR*

*પ્રધાનમંત્રીના પ્રયાસોને કારણે પ્રાચીન નાલંદા વિદ્યાપીઠનો વારસો આજે વિકાસ અને આધુનિક શિક્ષણ માટે એક નવી શક્તિનો સ્રોત બની રહ્યો છે. નિધિશ્રીના અહેવાલ સાથે હર્ષલ પંડયા આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# IMF-INDIA GROWTH

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ IMFએ વર્તમાન અને આગામી નાણાકીય વર્ષ માટે ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ વધારીને સાત ટકા કર્યો.

IMFની બેંગકોકમાં યોજાયેલી વાર્ષિક બેઠકમાં ઓક્ટોબર 2026 માટેના તેના વિશ્વ આર્થિક દૃષ્ટિકોણ અહેવાલમાં નોંધપાત્ર સુધારો કરવામાં આવ્યો છે. IMFએ ચાલુ નાણાકીય વર્ષ માટે 6.4 ટકા અને આગામી નાણાકીય વર્ષ માટે 6.7 ટકાના તેના જુલાઈના અંદાજોથી વૃદ્ધિ દરમાં સુધારો કર્યો છે.